

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

કોરોનાના કાળા કારભારથી થાકી ગયા!
ચઢ્યો શ્વાસ વહીવટનો અને હાંફી ગયા!
ચઢી ગયા ફાંફે, ને ગીરવે મૂકી આબરૂ -
લપોડશંખ ખોટા બણગા બાફી ગયા!
(દેખાઈ ગયો પારદર્શી વહીવટ)

### હાઈકુ

શમ્યો ઉભરો!
'વિકાસ'નો ને હવે -
વળતાં પાણી...

ફાટ્યું વાદળ
ને ચારેકોરથી -
આવી આફત...

### ચિંતન

યદ્િ રામા, યદિ રમા યદિ તનયો વિનયગુણોપેતઃ ।
તમને તનયે સ્પતિઃ સુરવરનગરે કિં આધિકયમ્ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જો પત્નિ સુલક્ષણા, આજ્ઞાકારી, વિનયી અને પ્રેમાળ હોય, પુત્રો વિનયી, આજ્ઞાકારી અને ગુણવાન હોય, પુત્ર અને પુત્રીને ત્યાં પણ પૌત્ર અને દોહિત્ર હોય, બધાં આનંદથી પ્રેમથી હૂંફાળ લાગણીઓની આપ-લે કરતાં હોય તો પછી ઈન્દ્રની નગરી જેવા સ્વર્ગમાં પણ આનાથી વધારે સુખ તો ક્યાંથી મળે.

જીવનમાં આપણને મળેલી ક્ષણ માણતાં આવડવું જોઈએ. વર્તમાનમાં જીવતાં આવડવું જોઈએ. સંસારીઓ પોતાના પૂર્વ જન્મનાં કર્મોને કારણે એક પરિવારમાં જૂનાં લેણાં-દેણાં ચૂકવવા - ભોગવવા એકઠાં થયા છે. આથી પરિવારમાં કોઈનો સ્વભાવ વિપરિત હોય, વાંકુ ચાલનાર કે વાંકુ બોલનાર હોય, કામ કરવામાં, સેવા-વિનય, વર્તનમાં ઓછપ હોય તો પણ જૂની, 'ઉઘરાણી' હશે એમ સમજી એમને પણ પ્રેમથી બોલાવી પ્રેમ ચૂકતો કરવો.

### સુવિચાર

- જખ્મો વિના સંગ્રામ હોઈ શકે નહીં, જવાળા વિના યજ્ઞ હોઈ શકે નહીં, તોફાન વિના સાગર હોઈ શકે નહીં, આ બધાને હસ્તે મુખે આવકારનાર વ્યક્તિ જ જીવનનો સાચો મર્મ સમજી શકે છે - **ભગવાન મનુ**
- તારો મોટામાં મોટો દુશ્મન તને નિહાળે તે રીતે તારી જાતનું નિરીક્ષણ કર, તો જ તું તારી જાતને મોટામાં મોટો મિત્ર બની શકીશ - **જેરમી ટેલર**
- મહાપુરુષોમાં સંકલ્પ હોય છે, સાધારણ લોકોમાં ઈચ્છાઓ - **ચીની કહેવત**
- જિંદગીને જીવો, ફરિયાદ કરવામાં જિંદગીને ન વેડફો, જિંદગી જીવવાની જેનામાં આવડત છે તેને મોત પણ ડરાવી શકતું નથી - **બોધિવૃક્ષ**
- માણસ મોટો થાય એટલે એનો અભ્યાસ પૂરો થઈ જાય છે પણ જીવનની પરીક્ષાઓ પૂરી થતી નથી. પરીક્ષાઓ તો આખી જિંદગી આપતા જ રહેવાની છે - **ક્રિશ્નકાંત ઉનડકટ**
- નિયત સાફ ઔર મકસત સહી હો તો યકીન ન કિસી ના કિસી રુપ મેં ઈશ્વર ભી આપકી મદદ કરતેં હૈ - **કિસનસિંહ 'ભૈયા'**
- આજનું ઔષધ : એક કપ પાણીમાં એક ચમચી તલ ઉકાળવા તેને ગરણીમાં ચાળીને તેમાં સિંધાલુણ એન મધ ઉમેરીને પીવાથી સાત દિવસમાં ન્યુમોનિયા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

જયારે હેતુ ન સરે એવી પરિસ્થિતિ સર્જાય અથવા ખૂબ મુશ્કેલ પરિસ્થિતિ હોય ત્યારે 'કૂવા ઊંડા ને દોરડાં ટૂંકા' કેહવત વપરાય છે. રાજપૂત રાજાઓ જયારે અંગ્રેજો સામે લડતા ત્યારે ખુમારી અને બહાદુરીની કમી નહોતી. રાજાઓ પાસે દેશપ્રેમથી છલકાતા વિર સૈનિકોની કમી ન હતી. રાજપૂત રાજાઓ પાસે જૂની પુરાણી નીતિઓ અને શસ્ત્રો પણ અંગ્રેજો જેવા અદ્યતન ન હતા. જયારે જયારે અંગ્રેજો સાથે લડાઈ થતી ત્યારે આ રાજાઓ પોતાના ટાચાં સાધનો અને શસ્ત્રોથી જંગમાં ઊતરતાં. અભિમાની રાજાઓ એકબીજા સાથે અંદર અંદર ઝઘડવાને કારણે સાથે મળને ન લડવાને કારણે તરત હાર સ્વીકારી લેતા. સંકલનનો અભાવ, આધુનિક યુદ્ધકળાઓ સામે ઉદાસીન રહેવાને કારણે ધીમે ધીમે આ રાજાઓનાં રાજયો અંગ્રેજોમાં હાથમા સરવા લાગ્યા હતા. બહાદુરીનું ખૂન માટીમાં મળી જવા લાગ્યું. કેટલાક નવયુવાન રાજપૂતો યુદ્ધમાં શહીદ થયા.

સારએ જ કે જીવન હોય કે જંગ, પણ આગળથી સાચી દિશામાં પ્લાનિંગ ન કર્યું હોય તો પસ્તાવાનો વારો આવે છે. આવાં સાહસ માટે 'કૂવા ઊંડા અને દોરડાં ટૂંકા!' ઉક્તિ વપરાય છે.

# હજુ, સાવચેતી રાખવી જ પડશે...

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાના બીજા મોજાનું પીક આવી ગયું હોવાનું ખુદ ટાસ્ક ફોર્સના તજજ્ઞો અને અગ્રસચિવ જયંતી રવિએ જાહેર કર્યું છે ત્યારે સ્વાભાવિક રીતે જ થોડો હાશકારો અનુભવાય. બીજા મોજાએ આપણા દેશને ઉપરતળે કરી નાખ્યો છે. ઘણી બધી ધારણાઓ ઊંધી વળી છે અને દેશ આખો દુનિયા સમક્ષ વિપક્ષોને કારણે બિચારો-બાપડો બની રહ્યો છે. જે રીતે આપણે ઓક્સિજન વગર તરફડતા એન મરતા માણસો જોયા અને જે પ્રકારે ઈંજેક્શનો માટે લાંબી કરાતો લાગી એ પછી આપણું તંત્ર ગમે તેટલી ફિશિયારી હાંકતું ફરે પણ કોરોના મેનેજમેન્ટમાં આપણે દુનિયાની સૌથી અબુધ પ્રજા તરીતે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છીએ. વિશ્વ આખું વહારે ધાયું છે એ કોઈ ગૌરવ લેવા જેવી નહીં હબકે નાલેશીની ઘટના ગણાવી જોઈએ. એમ તો વિશ્વના સર્વોચ્ચ તજજ્ઞો ભારતને લોકડાઉનની સલાહ પણ આપતા રહ્યા છે અને ખુદ આપણા વૈજ્ઞાનિકોને પણ એ સલાહ અનુસરવા યોગ્ય લાગી છે, પરંતુ પહેલાં મોજા વખતના લોકડાઉનથી દેશની તિજોરીનું તળિયું દેખાવા લાગ્યું હતું એટલે વડાપ્રધાન કોઈ પણ સંજોગોમાં એ ભૂલનું પુનરાવર્તન નથી કરવા માગતા. અલબત્ત, એથી ઘણા વધારે લોકો સંક્રમિત થઈ રહ્યા છે અને ઘણા વધારે જીવ ગયા છે પણ હવે મંત્રદષ્ટા વડાપ્રધાન માટે 'જાન હૈ તો જહાન હૈ' કરતાં જાન અને જહાન બેઉને સાચવી લેવાં એ ટૉપ પ્રાયોરિટી છે. છેલ્લે મળતા અહેવાલો મુજબ મહારાષ્ટ્રમાં લોકડાઉનનું સાનુકૂળ પરિણામ મળ્યું છે પમ સંક્રમણ હવે મહારાષ્ટ્ર કરતાં કર્ણાટકમાં વધારે ફેલાઈ રહ્યું છે. વળી ઉત્તરપ્રદેશની સ્થિતિ બદથી બદતર બની રહી છે. યમુના અને ગંગામાં તરતી લાશોનો અંબાર જોઈને તો એમ જ લાગે કે આ શું આપણી કહેવાતી મોક્ષદાયિની નદીઓ છે? લોકો પાસે હવે સ્વજનોના અગ્નિદાહની પણ સગવડ નથી બચી. તેઓ એવી સંક્રમિત લાશોને પવિત્ર નદીઓમાં વહેવડાવી દઈ સંતોષ માની લે છે. એ લાશો કયાંક કિનારા પર ફેંકાઈ જાય છે જયાં ગીધડાં અને કૂતરાં જયાફત માણે છે. માની જેવા માનવીની આવી શરમજનક દુર્દશા! એ પમ એવા દેશમાં જેને પોતાના દેશમાં સુરનદી ગંગા વહેતી હોવાનું ગૌરવ રહ્યું છે... કયાં છે તંત્ર? સરકાર તો પ્રદૂષિત ગંગા-યમુનાને પ્રદૂષણ મુક્ત કરવા અબજો રૂપિયાનું પાણી કરતી રહે છે... આજે એ જ નદીઓ નરકની વૈતરણીમાં ફેરવાઈ ગઈ છે. એક તરફ ત્રીજા મોજાની આગાહી થઈ રહી છે અને બીજી તરફ કેન્દ્ર સરકાર રાજપથ પર 'સેન્ટ્રલ વિસ્ટા' પાછળ અબજોનું આધણ ઓરી રહ્યા છે. રાહુલ ગાંધીને ભલે 'પપ્પુ' તરીકે લોકનજરમાં ઉતારી પાડવામાં શાસક પાર્ટીને મહદંશે સફળતા સાંપળી હોય પણ એમનું એક નિરીક્ષણ તો ભારતીય નાગરિકને કાળજે ટંકાઈ જશે એ વાતમાં શંકાને સ્થાન નથી. એમણે વડાપ્રધાનના મહેલનુમા આવાસ પાછળ થઈ રહેલા બેશુમાર ખર્ચને કોવિડ-૧૯ની સારવાર અને રસીકરણ માટે ઉપયોગમાં લેવાની ભલામણ કરતાં ટ્વિટ કર્યું હતું : લોકોને (પ્રધાનમંત્રીના) આવાસની નહીં 'સાંસ'- શ્વાસની એટલે કે ઑક્સિજનની વધારે જરૂર છે!

# જે થાય તે ખરું પણ માસ્તર સાહેબને સાચેસાચું કહી દઈશ



## નવાં કલેવર

નટવર હેડાઉ

વિપુલ વિચાર કરતો હતો. તે દિવસની વાત વારંવાર તેને યાદ આવતી હતી.

તે દિવસે શાળાએ જવામાં તે મોડો પડ્યો હતો. તેને ખબર હતી કે તેના શિક્ષક શુકલજી મોડા આવવા માટે તેને છોડશે નહીં. બરાબરનો મેથિપાક આપશે જ. તેમની સોટીનો માર યાદ આવતાં વિપુલ ગભરાઈ ગયો.

હવે તે એ વાતે પોતાની જાતને દોષ દેતો હતો કે પોતે બીજા છોકરાઓના વાદે ચડીને પથરા મારી મારીને આંબલી તોડવામાં મશગુલ બની ગયો અને સમયનો ખ્યાલ જ ન રહ્યો. તેમાં પણ ખુબ જ મહેનત કરવા છતાં માંડ બે ચાર આંબળીના કાતરાં તે તોડી શક્યો હતો. પણ હવે તેની ચિંતાનો વિષય શુક્લજી હતા. તેમે વિચારેલું કે એવું કંઈક બહાનું કાઢવું જેનાથી શુકલાજીની સોટીના મારથી બચી શકાય.

તેણે બહાનાં વિચારવાનું શરૂ કર્યું. માસ્તર સાહેબને તે કહી દેશે કે જયારે તે શાળાએ આવતો હતો ત્યારે અચાનક પેટમાં દુઃખાવો ઉપાડ્યો. એટલે મમ્મીએ કહ્યું કે, 'બેટા, થોડીવાર રોકાઈ જા.' અને તેણે આયુર્વેદિક ચૂર્ણ ખવડાવ્યું જેનાથી પેટનો દુઃખાવો મટી ગયો અને હું શાળાએ આવી ગયો.

પરંતુ આ બહાનું વિપુલને કંઈ બરાબર લાગ્યું નહીં. તેણે વિચાર્યું કે એના કરતાં એમ કહી દઈશ કે તાવ આવી ગયેલો. પણ આ બહાનુ પણ કંઈ ઠીક ન લાગ્યું. તે વિચારતો હતો કે એવું બહાનું કાઢું જે સાંભળીને શુકલાજી સર, સામે કોઈ પ્રશઅન પૂછી ન શકે.

તેણે મગજને જરા વધુ કસ્યું તો એક જોરદાર આઈડિયા તેના મગજમાં આવ્યો. તેણે વિચાર્યું કે માસ્તર સાહેબને એક જોરદાર વાર્તા કહું. જે વાર્તા તેમને બિલકુલ સાચી લાગે. અને સાંભળીને તેઓ ગદ્ગદ થઈ જાય. મારા માટે તેમને માનની લાગણી પણ થાય.

તેણે વાર્તા વિચારી કે હું શાળાએ આવતો હતો. ત્યારે જોયું તો રસ્તામાં એક વૃદ્ધ સ્ત્રી રસ્તાની બાજુમાં ફૂટપાથ પર પડી હતી. મેં તેને પુછ્યું, 'દાદીમાં, શું થયું છે? તો તેમણે કહ્યું, 'બેટા, મને અચાનક ચક્કર આવ્યા ને હું પડી ગઈ. એમ લાગે છે કે મારા પગમાં મચકોડ આવી ગઈ છે. 'અરે, હા દાદીમાં મને પણ એવું જ લાગે છે.' તેમના પગને જોતાં મેં કહ્યું.

'બેટા, મારા માટે રીક્ષા ઊભી રખવા તો હું ઘેર જતી રહું.' દાદીમાંએ કહ્યું.

આ સાંભળી મેં આજુબાજુ જોયું. પણ નજીકમાં કયાંક રીક્ષા દેખાતી ન હતી. રસ્તા પરથી બે-ત્રણ રિક્ષા પસાર થઈ પણ તેમાં મુસાફરો બેઠેલ હતા. હું ચાલતો ચાલતો સર્કલ સુધી ગયો ત્યારે નજીક રીક્ષા મળી. તેના કારણે મારે શાળાએ આવવામાં મોડું થઈ ગયું.

પરંતુ ફરી તેને પોતાનું મન ધિક્કારવા લાગ્યું. 'થોડીક મારની બીકથી આવું જુઠ્ઠું બોલાવાનું, શું તને સ્કૂલમાં અને માતાપિતાએ જુઠ્ઠું બોલવાનું શીખવાડ્યું છે. જયારે તેં ભૂલ કરી છે તો તારે એ ભૂલને કબુલ કરવાની હિમ્મત બતાવવી જોઈએ.'

વિપુલે પછી મનોમન નક્કી કર્યું કે જે થાય તે ખરું પણ માસ્તર સાહેબને સાચેસાચું કહી દઈશ અને જે સજા કરે તે ભોગવી લઈશ.

પોતાના એ દઢ નિશ્ચય સાથે વિપુલ શાળાએ પહોંચ્યો. મોડું તો થઈ જ ગયેલું. તે જયારે કલાસમાં પ્રવેશ્યો ત્યારે ત્યાં ધમ્માચકડી ચાલતી હતી. કેમ કે શુક્લા સર આજે રજા ઉપર હતા. તે ચૂપચાપ પોતાની બેંચ પર બેસી ગયો. થોડીવારમાં પુરોહિત સર તેમનો કલાસ લેવા આવ્યા.

# યોગ્ય વ્યકિતને, પરિસ્થિતિ પ્રમાણે, યથાયોગ્ય માન-સન્માન આપીએ



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

અભિનેત્રી માલા સિંહા અને હોનહાર અભિનેતા દિગ્દર્શક રાજ કપૂર ફિલ્મ ''પરવરીશ''માં સાથે કામ કરી રહ્યા હતા. માલા સિંહાની રાજકપુર સાથે આ પહેલી ફિલ્મ હતી. એ સમયે રાજ કપૂરે એક મોટા સ્ટાર અને તરીકે પોતાનો પગદંડો જમાવી દીધો હતો. અલબત, ''પરવરીશ'' ફિલ્મ પહેલા માલાસિંહાએ કેટલીક ફિલ્મોમાં સફળતા મેળવી લીધી હતી છતાં રાજ કપૂર જેવો દબદબો તો નહિ જ.

''પરવરીશ'' ફિલ્મના એક દ્રશ્યના શૂટિંગની તૈયારીઓ ચાલી રહી હતી. એ દ્રશ્યમાં માલા સિંહાના જ મોટા ભાગનાં સંવાદો હતા. એમ કહી શકાય કે એ દ્રશ્ય માલા સિંહાનું જ હતું. માલાસિંહા થોડા નર્વસ હતા. એ દ્રશ્યમાં માલા સિંહાની સાથે રાજ કપૂર પણ હતા પણ તેમનું એ દ્રશ્યમાં ખાસ મહત્વ ન હતું.

એ દ્રશ્યનું શુટીંગ શરૂ કરતાં પહેલા માલા સિંહા અને રાજ કપૂરને એ દ્રશ્ય, તેઓની મુવમેંટ, કેમેરા ફોકસ વગેરે વિષે સમજાવવામાં આવ્યું. દ્રશ્ય,રચના અને તેના આયોજન વિષે જાણીને રાજ કપૂરને એવી લાગણી થઈ કે એ દ્રશ્યમાં મહત્વ માલા સિંહાનું છે પણ દિગ્દર્શક એ દ્રશ્યમાં બિનજરૂરી રીતે પોતાને એટલે કે રાજ કપૂરને કેન્દ્રીત કરવા માંગે છે. અલબત, એવું કરવાથી એ દ્રશ્યમાં રાજ કપૂરનું પોતાનું પાત્ર વધારે ઉપસી આવે પણ માલા સિંહાનું દ્રશ્યમાં જે મહત્વ હતું છે એ બહાર ના આવે અને તેમનું પાત્ર સદંતર રીતે ઢંકાઈ જાય.

આ વાત રાજ કપૂરને યોગ્ય ન લાગી. તરત જ રાજ કપૂરે દિગ્દર્શક એસ. બેનરજી સાથે ચર્ચા કરી. તેમને સમજાવવા પ્રયત્ન કર્યો કે આ દ્રશ્યમાં પોતાના પાત્રનું નહિ પણ માલા સિંહાના પાત્રનું વધારે મહત્વ છે. દ્રશ્યમાં કેમેરો જો સતત પોતાના ઉપર જ કેન્દ્રીત કરીને માલા સિંહાની પીઠ જ બતાવશો કઅથવા તો માલા સિંહને લોન્ગ શોટમાં જ બતાવશો તો માલા સિંહાના સંવાદો મરી જશે. તેનાં હાવભાવ ઢંકાઈ જશે. એ પાત્ર બિન-મહત્વનુ થઈ જશે.

એસ.બેનરજીએ રાજકપૂરની સ્ટાર વેલ્યુને ધ્યાનમાં લઈને, તેમને ખુશ કરવા માટે એ દ્રશ્યના શૂટિંગનું આયોજન કર્યું હતું. જ્યારે રાજ કપૂરે દ્રશ્યની જરૂરિયાતને ધ્યાનમાં લઈને એ દ્રશ્યનું શુટીંગ કરવા સલાહ આપી. અંતે એસ. બેનરજીએ રાજ કપૂરની સલાહ માની.

રાજ કપૂર પોતે એક મોટા સ્ટાર હોવા છતાં, પોતાનાં પાત્રને દિગ્દર્શક દ્વારા વધારે મહત્વ મળતું હોવા છતાં, એ મહત્વ જતું કરીને એક નાના કલાકારને યોગ્ય મહત્વ મળવું જોઈએ એવો અભિગમ દાખવ્યો. રાજ કપૂરના એ અભિગમથી માલા સિંહા ખૂબ જ પ્રભાવિત થયા. આમ તો માલા સિંહા પહેલેથી જ રાજ કપૂરના પ્રશંસક હતા અને એટલે જે તેઓ એ દ્રશ્યના શુટીંગ પહેલા થોડા નર્વસ પણ હતા. રાજ કપૂરના અભિગમ થકી માલા સિંહાનાં મનમાં રાજ કપૂર મૂઠી ઊંચેરા બની ગયા અને તેમની સાથે કામ કરવામાં ધન્યતા અનુભવી.

શું વ્યકિત માત્ર મોટી સેલિબ્રિટી, મોટી સ્ટાર હોવાને કારણે વધારે ધ્યાન કેન્દ્રીત કરવા માટે યોગ્ય બની જતી હોય છે? શું વ્યકિતની સંપતી કે સતાથી એ વ્યક્તિ વધારે યોગ્યતા પ્રાપ્ત કરે છે? શું વ્યકિતની ખ્યાતિ કે તેમનું સમાજનાં માન-સન્માન તેમને વધારે યોગ્યતા આપે છે? શું વ્યકિતની ખ્યાતિ કે તેમનું સમાજમાં માન-સન્માન તેમને વધારે મહત્વ આપવા માટે પૂરતા છે? કદાચ ના, હરગીઝ નહીં. વ્યકિતની ખ્યાતિ, સત્તા, હોદ્દો કે સમાજમાં તેના સ્થાન કરતાં સમય, સંજોગો અને પરિસ્થિતી વધારે મહત્વના હોય છે. સમય, સંજોગો અને પરિસ્થિતી નક્કી કરતાં હોય છે કે કઈ વ્યકિતને વધારે મહત્વ આપવું અને યોગ્ય માન-સન્માન આપવું.

એક લગ્ન પ્રસંગ હતો. વરરાજા સાથે જાન કન્યાને ત્યાં પહોંચી ગઈ. લગ્નનો પ્રસંગ ભવ્ય રીતે ઉજવાઈ રહ્યો હતો. વરરાજાનાં પિતાએ પોતાનાં એક અંગત મિત્રને લગ્નનું આમંત્રણ આપ્યું હતું જે લગ્ન વિધી સમયે પધારવાના હતા. એ મિત્ર હોદ્દો, સત્તા અને સંપતિની દ્રષ્ટીએ સમાજમાં સારું એવું માન અને મોભો ધરાવતા હતા. એ ખૂબ ખ્યાતમાન વ્યકિત હતી. વરરાજાના પિતાના એ મિત્રના માન-મોભા વિષે કન્યાના પિતા પણ સારી રીતે જાણતા હતા. લગ્નમાં એ મિત્રની પધરામણી થઈ. કન્યાનાં પિતાએ અને જાનની આગતા સ્વાગતા કરતાં માંડવા પક્ષના લોકોએ એ મિત્ર મહેમાન ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું. વરરાજાનાં પિતાના એ મિત્ર મહેમાનની આગતા-સ્વાગતાને કન્યાના પિતાને એટલું બધુ મહત્વ આપ્યું કે તેને કારણે અન્ય જાનૈયાઓ સહિત વરરાજાનાં પિતા એક હાંસિયામાં ધકેલાઈ ગયા. આવું થવાથી વરરાજાના પિતા અને અન્ય જાનૈયાઓને એવી લાગણી થઈ કે તેના મિત્રને નિમંત્રણ ન આપ્યું હોય તો સારું હતું.

કયા સમયે કઈ વ્યકિત મહત્વનુ છે એ સમજવું ખૂબ જ જરૂરી છે. માનવીય સંબંધોમાં દરેક વ્યકિતને માન-સન્માન આપીએ, મહત્વ આપીએ એ વાજબી છે પણ પરિસ્થિતી પ્રમાણે જે વ્યક્તિનું વધારે મહત્વ હોય એ વ્યક્તિ ઉપર યથાયોગ્ય ધ્યાન આપીએ. માન-સન્માન આપવામાં યોગ્ય સંતુલન જાળવવાથી પરિસ્થિતી સચવાય જાય છે અને બધા વ્યકિતઓ સાથે સંબંધો જળવાઈ રહે છે. પ્રસંગ પ્રમાણે જે વ્યક્તિનું વધારે મહત્વ હોય તે એ વ્યકિતને યોગ્ય માન-સન્માન આપવાથી એ વ્યક્તિનું તો ગૌરવ જળવાઈ છે સાથેસાથે માન-સન્માન આપનાર વ્યક્તિનું પણ ગૌરવ વધતું હોય છે.

આમ કરવાનો અર્થ એવી નથી કે યોગ્ય એકાદ-બે વ્યકિત ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને અન્ય વ્યક્તિઓ સાથે તુચ્છ વ્યવહાર કરવો જોઈએ. દરેક વ્યકિતનું એક સ્થાન હોય છે, એક મહત્વ હોય છે. એ સમજી-વિચારીને દરેક વ્યકિતને યથાયોગ્ય મહત્વ આપવું જોઈએ પણ પરિસ્થિતી પ્રમાણે જે વ્યકિત ખરેખર મહત્વની હોય તેના મહત્વને ક્યારેય નજર અંદાજ ન કરી શકીએ.

પરિસ્થિતી પ્રમાણે યોગ્ય વ્યકિતને, યોગ્ય સમયે, યોગ્ય માન-સન્માન અને મહત્વ આપીને તેમનું ગૌરવ જાળવીએ અને સાથેસાથે આપણું પોતાનું ગૌરવ પણ અકબંધ રાખીએ.

# કોરોના થયો છે ? આરામ બરાબર કરજો



## મનના ઉમંગો

રણછોડ પરમાર

હેલો,

હેલો, કોણ રણછોડભાઈ બોલે છે ?

તમે રણછોડભાઈને ફોન લગાવ્યો છે, અને રણછોડભાઈ જ બોલે છે. પણ આપ કોણ બોલો છો ?

હું બિપીન, મને ના ઓળખ્યો ? હું બિપીન ત્રિવેદી.

કોણ બિપીન ત્રિવેદી ? મને તો કોઈ બિપીન યાદ આવતો નથી.

અરે યાર, એમ ભૂલી જાવ એ તે કાંઈ ચાલતું હશે ? તમે અને મહેશભાઈ રોજ ત્રીજા માળની કેંટિનમાં સાંજે ચાર વાગ્યે ચા પીવા જતા કે નહીં ?

હા જતા હતા ને ?

તમે બંને ચાનાસ્તો કરતા હોવ ત્યારે કોઈ કોઈવાર હું દૂરના ટેબલેથી દોડતો આવીને તમારી સાથે જોડાઈ જતો. આવે છે કંઈ યાદ ?

હા, હા યાદ આવ્યું. અમારા મહેશભાઈને ગોટા બહુ ભાવે . એ અવારનવાર મંગાવે. અમે નાસ્તો કરતા હોઈએ અને અને તમે ગમે ત્યાંથી પ્રગટ થઈ જતા. '' શું છે મહેશભાઈ ? એમ પૂછી બેત્રણ ગોટા ખાઈ જતા. પછી'' મારે જરા અરજંટ કામ છે'' કહીને ભાગી જતા.

હા, બસ એજ બિપીન. આજે મહેશભાઈ સાથે વાત થતાં ખબર પડી કે તમને કોરોના પોઝીટીવ આવ્યો છે, એટલે ખાસ ખબર પૂછવા ફોન કર્યો છે.

ઓહોહોહો આટલી આછી ઓળખાણમાંયે તમે મારી ખબર પૂછવા ફોન કર્યો એ માટે આપનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

અરે એમ શાની આછી ઓળખાણ ? ખબર નહીં તમારા કેટલા ભજિયાં મારા શરીરમાં ગયાં હશે કોને ખબર છે ?

હવે અમે તો તમે અમારાં કેટલા ભજિયાં ખાધેલાં એનો કોઈ હિસાબ રાખ્યો નથી, પણ મને કદી યાદ આવતું નથી કે તમે કોઈવાર આખી ડીશ લઈને અમારી સમક્ષ ઉપસ્થિત થયા હોય.

અરે આ ભજિયાપુરાણ છોડો, અને એમ કહો કે તબિયત કેવી છે ?

તબિયત સારી છે. કોઈ ડિસ્ટર્બ ના કરે અને એકદમ આરામમાં હોઉં ત્યારે એકદમ સારું લાગે છે.

તો બાપુ આરામ જ કરવાનો. ગમે તેવા આલિયામાલિયા ફોન કરે તો ઉપાડી નહીં લેવાનો. કહી દેવાનું કે ભાઈ હમણાં આરામમાં છું અડધા કલાક પછી ફોન કરવો.

હું તમને એ જ કહેવાનો હતો, પણ તમારું ભજિયાપુરાણ એવું ચગ્યું કે નાછૂટકે મારે વાત ખેંચવી પડી.

ભજિયાં તો મારી જૂની નબળાઈ છે. એ વિશે તમે સાજા થાવ પછી ક્યારેક વાત કરીશું. વાતો શું બોસ, આ વખતે તો હું જ તમને ભજિયાં ખવરાવીશ. તમે પણ જિંદગીમાં યાદ કરશો યાર !

એ તો હું યથાસમયે આપને યાદ કરીશ જ. તો હવે હું ફોન મૂકું ?

અરે એમ થોડો મૂકી દેવાય ? મારે તમને જે વાત પૂછવાની હતી એ તો બાકી જ રહી જાય છે ?

કાંઈ વાત બાકી રહી જાય છે ?

નાસ ! નાસ સમયસર લો છો કે નહીં ?

નાસ દિવસમાં ચાર વાર લઉં છું અને એમાં કશી તકલીફ નથી.

નાસ લેવામાં સહેજે આળશ કરતા નહીં. ગોળીઓ ગળવાનું ના ભૂલાય એમ નાસ લેવાનુંયે ભૂલતા નહીં. નાસથી જ ફેંફસા મજબૂત થશે અને ગળાનો કફ દૂર થશે. અને તમે શેમાં નાસ લો છો, તપેલીમાં ? હમણાં એક સાધન આવ્યું છે એ નાસ લેવા માટે બહુ સરસ છે. કહેતા હોવ તો મોકલી આપું ?

ના, ના મારી પાસે એ સાધન છે. આપ કશી તકલીફ ઉઠાવશો નહીં.

તમે યાર આમ વાતવાતમાં તકલીફ ના લાવો. આવા સમયમાં આપણા જેવા અંગત માણસો તકલીફ નહીં ઉઠાવે તો કોણ ઉઠાવશે. અને તમારું તો અનાજ અલબત્ત ભજિયા મારા પેટમાં પડ્યાં છે. મારાથી એમ નગુણા ના થવાય.

સારું. આપની સાથે વાત કરીને ઘણું સારું લાગ્યું. અઠવાડિયે એકાદ ફોન કરતા રહેજો, રશ્મિનભાઈ.

રશ્મિનભાઈ ! કોણ રશ્મિનભાઈ ? એટલી વારમાં નામય ભૂલી ગયા ?

હા, હા યાદ આવી ગયું. બિપીનભાઈ. બેત્રણ ભજિયાંવાળા બિપીનભાઈ.

હાં, બરાબર. તો હું શું કહેતો હતો, લીંબુપાની બરાબર પીવો છો કે નહીં ?

પીઉં છું ને, દિવસમાં ત્રણવાર લીબુપાની પીઉં છું એની કશી તકલીફ નથી.

અરે એની કશી તકલીફ ઉઠાવવાની જરુર પણ નથી. વાત શું છે બોસ. મારા બાજુવાળાએ એક મસ્ત લીંબુડી ઉછેરી છે. એને રોજ આઠદસ લીંબુ આવતાં હોય છે. તમે કહેતા હોવ તો રોજ ચાર ચાર લીંબુ આપવા આવું.

અરે ના ના. તમે આટલે દૂર ચાર લીંબુ આપવા આવો એ ઠીક ના કહેવાય.

તમે કહો છો તો ઠીક છે. બાકી ચાર લીબું અત્યારે મારા પેંટમાં ખિસ્સામાં જ પડ્યાં છે. તમે અવાજ કરો ને એક કીકમાં બંદા ત્યાં હાજર થઈ જશે.

ના, મારી પાસે લીબું પડ્યાં છે. તમે એ લીબું બીજા કોઈને આપજો.

હા, હા. એ તો ગમે એને આપીશું. પણ તમને પહેલો ચાન્સ.

સારું, સારું. આપે આટલી વાતો કરી, તેથી મનને બહુ સારું લાગ્યું. તમારે કોઈ બીજાનીય ખબર પૂછવાની હશે. આપણી વાતોમાં કોઈ ખાસ અંગત રહી ના જાય.

હા, હા, બહુ સારું યાદ અપાવ્યું. મારે પેલા મનોજને પણ ફોન કરવાનો છે. એને આજે સવારે પોઝીટીવ આવ્યો છે ?

કોણ મનોજ ? હા, ઓળખ્યો પેલો મનોજ મહેશભાઈનો કારકુન.

એ બધાની ચિંતા છોડો અને ફૂલ આરામ કરો. ગમે તેનો ફોન આવે કહી દેવાનું આરામમાં છું. લોકો તો પડપૂછ કર્યા જ કરવાના. આપણે સાંભળવાની જ નહીં આરામ એટલે બસ આરામ. સામેવાળો તો ફોન મૂકશે જ નહીં. આપણે જ ટપ દઈને ફોન મૂકી દેવાનો.

એ સારું. એમ કહી ટપ દઈને મેં ફોન મૂકી દીધો.

● ● ●

કોરોનાનો કાળો કેર, આજે આવ્યો મારે ઘેર;
આવ્યો તો ભાઈ ભલે આવ્યો, જાવામાં ના કરતો દેર.
સારો અતિથિ થઈને રહેજે, તંબુ ન તાણી દેતો ઠેર;
જાવામાં તું મક્કમ રહેજે, ભલે રુડુ છે મારું શહેર.